# ચાંદીની ધજાની માલિકીના મામલે બે જૂથ વચ્ચે વિવાદ

## માલિકી મામલે બ્રાહ્મણો અને મંદિરનો વહીવટ સંભાળતી સમિતિ વચ્ચે ઘણા સમયથી વિખવાદ હોવાના અહેવાલ

દ્વારકા, તા.૨૯

દ્વારકામાં આવેલા દ્વારકાધીશ મંદિર પર ચડાવવામાં આવેલી ચાંદીની ધજાની માલિકી મામલે વિવાદ સર્જાયો છે. આ ચાંદીની ધજાની માલિકીના મામલે અબોટી બ્રાહ્મણો અને મંદિરનો વહીવટ સંભાળતી સમિતિ વચ્ચે વિખવાદ ચાલતો હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

આ મામલો જિલ્લા વહીવટકર્તા સામે પહોંચ્યો હતો, તેમજ અબોટી બ્રાહ્મણોને નોટીસ પાઠવવામાં આવી હોવાનું પણ સુત્રોમાં ચર્ચાય રહ્યું છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, થોડા સમય પૂર્વે ભાવનગરના નવા સાંગણા ગામના અંબિકા આશ્રમના ભક્તોએ ગત સોમવારના અંદાજે ૧૧ કિલો ચાંદીની ધજા ચડાવી હતી. ત્યારબાદ આ ધજાની માલિકીનો વિખવાદ ઉભો થયો હતો. સમગ્ર મામલો હાલમાં જિલ્લા કલેક્ટર સામે મુકવામાં આવ્યો છે. તેમણે વહીવટદાર અને અધિકારીઓને આ મામલે કાનૂની કાર્યવાહી કરવાનું જણાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં પણ ભાવિભક્તો દ્વારા ચડાવવામાં આવેલ સોનાની ધજામાં પણ વિવાદ સર્જાયો હતો. આ મામલાનો કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે.



લોકસભા સામાન્ય ચૂંટણી યોજવા બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું છે. ચૂંટણીને અનુલક્ષી પાલનપુર ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ. કે. પટેલના અધ્યક્ષસ્થાને એમ.સી.એમ.સી. કમિટીની બેઠક યોજાઇ હતી. બેઠકમાં શ્રી પટેલે જણાવ્યુ કે MCMC કમિટી ધ્વારા ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસાર વર્તમાનપત્રો અને ટી વી ચેનલોમાં આવતી જાહેરાતો પર સતત વોચ રાખવામાં આવે છે અને તેનું રેકોર્ડીંગ કરવામાં આવે છે તેમણે કહ્યુ કે અખબારો અને ચેનલોમાં સમાચારના ઓથા હેઠળ આપવામાં આવતા પેઇડન્યુઝ ઉપર એમ. સી. એમ. સી. ટીમ વોચ રાખે છે અને તે ન્યુઝ પેઇડ ન્યુઝ બને પછી તેને ખર્ચમાં ગણાવાની કામગીરી પણ કરે છે.

## પાટણની સબજેલમાં ત્રણ કેદીઓની વચ્ચે મારામારી

પાટણ, તા.૨૯

નજીવી બાબતે થતી બોલાચાલી કે ઝઘડો ક્યારેક મોટુ સ્વરૂપ ધારણ કરતો હોય છે. પાટણમાં આવેલી સબજેલમાં કેદીઓ વચ્ચે મારામારી થઈ હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. પથારી કરવા જેવી સામાન્ય બાબતને લઈ સબજેલના ત્રણ કેદીઓ વચ્ચે મારામારી થતાં જેલમાં અરેરાટી મચી જવા પામી હતી. આ મામલાની વિગત એવી છે કે પાટણની સબજેલમાં સજા ભોગવી રહેલા ત્રણ કેદીઓ પથારી કરવા મામલે સામસામે આવી ગયા હતા. આ ઘટનામાં બે કેદીઓ ભેગા મળીને એક કેદી પર હુમલો કરી મારમાર્યો હતો. મારામારીમાં એક કેદી ઈજાગ્રસ્ત થતાં તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો તેમજ સમગ્ર મામલા અંગે પોલીસ મથકમાં ગુનો દાખલ કરાયો હતો.

## અડાજણ પાટીયામાં ફાયરીંગ મામલે અફરોઝની પુછપરછ

અમદાવાદ, તા.૨૯

"ડાયમંડ નગરી" તરીકે જાણીતા સુરત શહેરના અડાજણ પાટીયા વિસ્તારમાં થયેલા ચકચારી ફાયરીંગ મામલે પોલીસે ૭૦૦ કરોડના હવાલા કૌભાંડમાં સંકળાયેલા અફરોઝ હટ્ટાની પૂછપરછ કરી હોવાનું જાણવા મળ્યું છે. અડાજણ પાટીયા વિસ્તારમાં અમજદ નામનો જમીન દલાલ પાનના ગલ્લા પાસે ઉભો હતો ત્યારે બાઈક પર સવાર થઈ આવેલા અજાણ્યા શખ્સોએ એકાએક ફાયરીંગ કર્યું હતું. અચાનક ફાયરીંગ થતાં જ વિસ્તારમાં અરેરાટી મચી જવા પામી હતી તેમજ ફાયરીંગમાં ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બીજીતરફ ઘટનાને પગલે પોલીસ અધિકારીઓ બનાવ સ્થળે દોડી આવી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા તેમજ આ મામલે પોલીસે ૭૦૦ કરોડના હવાલા કૌભાંડમાં સંકળાયેલા અફરોઝ હટ્ટાની પણ પૂછપરછ કરી હોવાનું સપાટી પર આવ્યું છે.

# શામળાજી રતનપુર હાઈવે પરથી ત્રણ લાખની કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો

શામળાજી, તા. ૨૯

આગામી લોકસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્યના પોલીસ મહા નિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીઓએ રાજ્યભરમાં તા. ૨૮મી માર્ચની રાત્રીએ સઘન કોમ્બીંગ હાથ ધર્યુ હતુ. આ સઘન ચેકિંગ દરમ્યાન શામળાજી-રતનપુર નેશનલ હાઈવે નં. ૮ પરથી ઈંગ્લીશ દારૂની ૬૨૬, બીયરની ૮૬૪ બોટલ સહિત બિયરના ૧૪૯૦ ટીન પકડાયા હતા. ગેરકાયદેસર વેચાણ અર્થે ગુજરાતમાં ઘુસાડવાના પ્રયત્ન દરમ્યાન પોલીસે રૂપિયા ૨,૯૯,૪૦૦નો જથ્થો ઝડપી પાડ્યો હતો.

રાજ્યમાં ચૂંટણીઓ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પોલીસ વડા દ્વારા કોમ્બીંગ નાઈટ આયોજિત કરાઈ હતી. જેના ભાગરૂપે નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજીવ રંજન ભગતની સૂચનાથી અરવલ્લી જિલ્લાના પોલીસ અધિક્ષક મયુર ચાવડાએ વાહનોનું ઘનિષ્ઠ ચેકીંગ કરવાનો આદેશ આપ્યો હતો. અરવલ્લી જિલ્લા પોલીસ ઈન્સ્પેક્ટર અને સ્ટાફ દ્વારા એલસીબી શાખાના સહયોગથી શામળાજી પોલીસ સ્ટેશનની હદના શામળાજી-રતનપુર નેશનલ હાઈવે નં. ૮ પર સઘન તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમ્યાન એક મેક્સ ગાડી નં. જીજે-૧ ૩એન-૨૧૧૪માં પોલીસે ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થામાં વિદેશી દારૂની ૬૨૬ બોટલ, બિયરની ૮૬૪ બોટલ અને બિયરના ૧૪૯૦ ટીન સહિત રૂપિયા ૨,૯૯,૪૦૦ની કિંમતના જથ્થાનો સમાવેશ થાય છે.

પોલીસે આ મુદ્દામાલ સાથે મેક્સ ગાડી આશરે રૂપિયા ૨ લાખની કિંમતની જપ્ત કરી હતી. આ તપાસ દરમ્યાન આરોપી સુરેશભાઈ મનાભાઈ ઉર્ફે મનજીભાઈ ડોડીયાર (રહે. પહાડીયા ડીપીફળીયુ) અંધારાનો લાભ લઈ નાસી છુટ્યો હતો. જેથી આરોપીને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતા.





ચૈત્ર મહિનાની નવરાત્રીને ધ્યાનમાં લઈને માતાજીના મંદિરોને સજાવવાની કામગીરી શરૂ થઈ ચુકી છે.

## ગોતા તળાવ પાછળ ૪૯ લાખ રૂપિયાનો ખર્ચ થશે

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચાલુ નાણાંકીય વર્ષમાં નવા તળાવ બનાવવા તેમજ તુટી ગયેલા તળાવને રિસરફેશ કરવા માટે બજેટ ફાળવવામાં આવ્યું છે. જેમાં ગોતા તળાવ પાછળ રૂા. ૪૯ લાખનો ખર્ચ કરવાનું તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વરસાદની સિઝનમાં તુટી ગયેલી સ્ટ્રોમ વોટર લાઈન અને ડ્રેનેજ લાઈનો રિપેરીંગ માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જેમાં ગત ૧૭મી ફેબ્રુઆરીના રોજ મળેલી વોટર એન્ટ સુઅરેજ કમિટીની બેઠકમાં ગોતા વિસ્તારમાં તુટી ગયેલી સ્ટ્રોમ વોટર લાઈન રીપેરીંગની દરખાસ્ત મંજુર કરાઈ હતી. જેમાં ગોતા વોર્ડના ઔડા તળાવમાં આવતી સ્ટ્રોમ વોટર લાઈન નવી નાંખીને તુટેલા તળાવના રીપેરીંગ કરવા માટે રૂા. ૪૯ લાખનો અંદાજ મંજૂર કરવામાં આવ્યો હતો.

# વિદેશી યુવતી પર હુમલો કરી લૂંટારા લૂંટ ચલાવીને પલાયન

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ શહેરમાં "અતિથિ દેવો ભવઃ"ની ઉક્તિને લાંછન લગાવતો બનાવ કાલુપુર વિસ્તારમાં પ્રકાશમાં આવ્યો છે. કાલુપુર રેલ્વે સ્ટેશન બહાર નાસ્તો લેવા નીકળેલી વિદેશી યુવતીને બાઈક પર સવાર લૂંટારાઓએ છરીના ઘા ઝીંકીને અંદાજે એક લાખનો મુદ્દામાલ લૂંટી ફરાર થઈ ગયા હતા.

આ મામલાની ફરીયાદ સૌપ્રથમ વિદેશી યુવતી મુંબઈ નોંધાવી હતી ત્યારબાદ કાલુપુર પોલીસ મથકમાં દાખલ થઈ હતી. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, ૨૭ માર્ચના વહેલી સવારે ૨૫ વર્ષીય પેટ્રિઅકા બારબાર કોરેજેક અમદાવાદ રેલ્વે સ્ટેશનની બહાર નાસ્તો લેવા માટે નીકળી હતી. તેણી દિલ્હીથી મુંબઈ જઈ રહી હતી તે દરમ્યાન અમદાવાદમાં ટ્રેન થોડો સમય રોકાઈ હતી, આ દરમ્યાન પેટ્રિઅકા કાલુપુર સ્ટેશન બહાર નીકળી ત્યારે ૩૦થી ૩૫ વર્ષની ઉંમરના બે અજાણ્યા શખ્સો તેની પાસે આવીને તેને માથાના ભાગે છરીના ઘા ઝીંકીને ઝંખમી કરી દીધી અને તેની પાસે રહેલ ત્રણ કેમેરા, આઈપેડ, કેમેરાબેગ, ચાર્જર, મ્યુઝીક પ્લેયર, વિદેશી ચલણ તથા રોકડ રૂપિયા ૨૭,૦૦૦ને લૂંટીને પરાર થઈ ગયા હતા.

આ ઘટના બાદ પેટ્રિઅકા પોતાની ટ્રેનનો સમય તથા તેણી મુંબઈ જતી રહી હતી અને મુંબઈ જઈ તેણે આ સમગ્ર મામલાની ફરીયાદ ઝીરો નંબરથી નોંધાવી હતી. બાદમાં આ મામલો કાલુપુર પોલીસ મથકમાં નોંધાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં દિવસેને દિવસે ચોરી અને લૂંટફાટની સંખ્યામાં વધારો થતો જાય છે ત્યારે તસ્કરોના રાજમાં અને સૂતેલી પોલીસના રાજમાં હવે લૂંટારા ભારતમાં આવેલા વિદેશીઓને પણ લૂંટવાના પ્રયાસો કરતા થઈ ગયા છે, ત્યારે એક સવાલ એ ઉભો થાય છે કે, અતિથિ દેવો ભવઃ ની ઉક્તિ કેટલી હદે યોગ્ય છે.

## પિસ્તોલ સાથે એક રીઢા ગુનેગારની ધરપકડ કરી

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ ક્રાઈમબ્રાંચે પિસ્તોલ સાથે એક રીઢા ગુનેગારને પેટ્રોલિંગ દરમ્યાન ઝડપી પાડ્યો છે. આરોપી પ્રવિણ ઉર્ફે સન્ની જયંતકુમાર તિવારી (ઉ.૨૨)ને અજીતમીલ ચાર રસ્તા પાસેથી પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીને પોતાની પાસેની પિસ્તોલ બાબતે પૂછતાં તેણે આઠેક માસ અગાઉ બાપુનગર બોમ્બે હાઉસીંગમાં રહેતા અને રાજુ ગુપ્તા કે જેનું મર્ડર થયુંછે તેની પાસેથી લીધી હોવાનું કબુલ્યું છે, તેમજ તે બે વખત મારામારીના ગુનાઓમાં તેમજ લૂંટ જેવા ગંભીર ગુનામાં અગાઉ જેલવાસ જઈ ચુક્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે નજીવી બાબતે થતાં ઝઘડામાં ઘાતક હથિયારોનો ઉપયોગ કરી હુમલો કરવાના કિસ્સા શહેરમાં વધ્યા છે. વ્યક્તિ શારીરિક આવેગમાં આવીને સામાવાળા વ્યક્તિને જાનહાનિ પહોંચાડે છે.

# દેશની પ્રથમ અતિઆધુનિક પોલીસવાન દ્વારકામાં મુકાઈ

## વાનમાં કેમેરા, પાણી પંપ, વાયરલેસ સેટ અને સર્ચલાઈટ જેવી સુવિધાઓ : આધુનિક વાનની કિંમત ૨૫ લાખ હશે

અમદાવાદ, તા.૨૯

મુશ્કેલીમાં કારગત નીવડે અને કપરા સમયમાં ઉપયોગમાં આવે તેવી અત્યાધુનિક વાન રાજ્યના દરેક જિલ્લામાં મુકવામાં આવશે તેવીતંત્ર દ્વારા માહિતી સાંપડી છે.

૨૫ લાખની અત્યાધુનિક વાન હાલ દેવભૂમિ દ્વારકામાં મુકવામાં આવી છે. વાત એમ છે કે ગૃહ મંત્રાલયના સહયોગથી દેશની સૌ પ્રથમ અત્યાધુનિક વાન હાલ દેવભૂમિ દ્વારકામાં મુકવામાં આવી છે. આ વાન સંપૂર્ણ સ્વદેશી એવી પોલીસની આ આધુનિક મોબાઈલ વાનમાં હાઈ ડેફિનેશન વાળા જમીનથી ૧૮ ફુટ ઉંચા કેમેરા લગાવવામાં આવ્યા છે. ૧૫ વાયરલેસ સેટ વાનમાં ગોઠવવામાં આવ્યા છે. ૨૦ ફુટ દૂરથી પાણીનો મારો ચલાવી શકાશે. આ વાનમાં વૃક્ષો કાપતા કટરો, સર્ચલાઈટ સાથે શંકાસ્પદ વ્યક્તિ કે મેટલ ડિટેક્ટરો આધુનિક લીટ સિસ્ટમ એલસીડી સ્કીન, ૧૪ કલાક ચાલે તેવી બેટરીઓ છે. આ વાનની કિંમત ૨૫ લાખ છે. રથયાત્રા, જન્માષ્ટમી, મેળાઓ, ઉત્સવો જેમાં માનવ મહેરામણ મોટી સંખ્યામાં ઉપસ્થિત થાય છે. તદઉપરાંત કોમી રમખાણ, રેલી, ચૂંટણી બંદોબસ્તમાં આ વાન કારગત નિવડશે. આ અંગે પોલીસ વડા પીસી ઠાકુરે કહ્યું છે કે પોલીસ વિભાગને અંત્યત ઉપયોગી એવી આ વાન હાલ દેવભૂમિ દ્વારકામાં મુકવામાં આવી છે.

### આરાધના કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આસપાસનું રહ્યું હતું. જાણકાર નિષ્ણાતો અને તબીબોનું કહેવું છે કે, લીંબુના જ્યુસ ઉપર રહેવાની બાબત ખુબ જ વજન ઉતારે છે. નવ દિસવમાં પાંચથી છ કિલો વજન ઉતરી શકે છે. લેમન જ્યુસ અથવા તો લીંબુના પાણી ઉપર ઉપવાસની બાબતનો મતલબ એ છે કે, શરીર માત્ર પોટેશીય, ખાંડ અને પાણી ઉપર આધારિત રહે છે. તબીબીરીતે આની સલાહ અપાતી નથી પરંતુ ઘણા લોકો ધાર્મિક કારણોસર આવા ઉપવાસ કરે છે. ઉપવાસ બાદ વધારે જમવાની બાબતમાં પણ મોદી માનતા નથી. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ નરેન્દ્ર મોદીના કેટલાક સમર્થકોમાં તેમના આરોગ્યને લઈને પણ ચર્ચા છે. જો કે, મોદી દર વર્ષે ઉપવાસ કરે છે.

### વિક્રમી મતદાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું. વર્ષ- ૧૯૭૧માં ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં પાંચમી લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાઇ હતી. જેમાં ૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો. ચારમાંથી બે ઉમેદવારની ડિપોઝીટ જપ્ત કરાઇ હતી. આ ચાર ઉમેદવારોનું ભાવિ નક્કી કરવા માટે ૨૯૯૩૪૮ પુરૂષ અને ૨૬૦૬૦૮ મહિલા મળી કુલ- ૫૫૯૯૫૬ માંથી ૩૦૩૧૧૩ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાંથી ૧૦૩૦૩ મતો અમાન્ય ઠરાયા હતા. છટ્ટી લોકસભા સામાન્ય ચૂંટણીમાં ત્રણ ઉમેદવારી પત્રો ભરાયા હતા. જેમાંથી એકની ડિપોઝીટ જપ્ત થઇ હતી. આ ત્રણેય ઉમેદવારનું ભાવિ નક્કી કરવા માટે તા. ૧૬મી માર્ચ, ૧૯૭૭ના રોજ મતદાન યોજાયું હતું. મતદાનના દિને સંસદીય મત વિસ્તારના ૬૧૯૭૨૦ મતદારો માંથી ૩૯૪૬૯૯ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં ૨૧૭૮૪૩ પુરૂષ અને ૧૭૬૮૫૬ સ્ત્રી મતદારોનો સમાવેશ થાય છે. આ ચૂંટણીમાં ૮૦૭૦ મતો અમાન્ય ગણવામાં આવ્યા હતા.

### મુદત લંબાવાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાળવવામાં આવ્યા છે. અગાઉ આ મામલે મુખ્યમંત્રી કક્ષાએથી હાથ ધરાયેલી ડ્રોની પ્રક્રિયાના અંતે હાલ અરજદારો પાસેથી પ્રથમ રૂ. ૧ લાખનો હપ્તો વસુલવામાં આવી રહ્યો છે. આવાસ યોજના અન્વયે પ્રથમ હપ્તાની ૧ લાખની રકમ ચુકવવાની સાથે અરજદારોને એલોર્ટમેન્ટ લેટર પણ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં અંદાજિત ૬૦૦ જેટલા લાભાર્થીઓએ આ રકમ ચુકવી દીધી હોવાનુ પણ ધ્યાને આવ્યું છે. જ્યારે આ મામલે કેટલાક લાભાર્થીઓએ રકમ ભરવા માટેની મુદત વધારવા માટે ગુડાના તંત્ર સમક્ષ લેખિત રજૂઆત પણ કરી છે. જેને લઈ મુદત વધારવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. ગુડાના સૂત્રોના જણાવ્યા મુજબ અરજદારો મોટી રકમનો પ્રથમ હપ્તો ચુકવી શકે તે માટે આગામી દિવસોમાં એક મહીનાની મુદત વધારવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

## ગોતા તળાવ પાછળ ૪૯ લાખ રૂપિયાનો ખર્ચ થશે

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચાલુ નાણાંકીય વર્ષમાં નવા તળાવ બનાવવા તેમજ તુટી ગયેલા તળાવને રિસરફેશ કરવા માટે બજેટ ફાળવવામાં આવ્યું છે. જેમાં ગોતા તળાવ પાછળ રૂા. ૪૯ લાખનો ખર્ચ કરવાનું તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. કોર્પોરેશન દ્વારા વરસાદની સિઝનમાં તુટી ગયેલી સ્ટ્રોમ વોટર લાઈન અને ડ્રેનેજ લાઈનો રિપેરીંગ માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જેમાં ગત ૧૭મી ફેબ્રુઆરીના રોજ મળેલી વોટર એન્ટ સુઅરેજ કમિટીની બેઠકમાં ગોતા વિસ્તારમાં તુટી ગયેલી સ્ટ્રોમ વોટર લાઈન રીપેરીંગની દરખાસ્ત મંજુર કરાઈ હતી. જેમાં ગોતા વોર્ડના ઔડા તળાવમાં આવતી સ્ટ્રોમ વોટર લાઈન નવી નાંખીને તુટેલા તળાવના રીપેરીંગ કરવા માટે રૂા. ૪૯ લાખનો અંદાજ મંજૂર કરવામાં આવ્યો હતો.

## શહેરના વેજલપુર અને વટવામાં ઘરફોડ ચોરી

અમદાવાદ, તા.૨૯

તસ્કરો હવે બંધ મકાનના તાળા તોડીને ચોરી કરી રહ્યા હોવાના બનાવો વધુને વધુ પ્રકાશમાં આવી રહ્યા છે, ત્યારે શહેરના વેજલપુર અને વટવા જીઆઈડીસી વિસ્તારમાં ઘરફોડ ચોરીના બે બનાવો બનવા પામ્યા છે. જુહાપુરાના હરીપાડી મસ્જીદની સામે આવેલ હરીયાણી સોસાયટીમાં રહેતા આકતાફહુસૈન અનવરહુસૈનએ વેજલપુર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે કે ૨૭ માર્ચના સાંજના સમયે અકતાફહુસૈનના મકાનનાં દરવાજાનું તાળુ તોડી તસ્કરો મકાનમાં પ્રવેશ કરી તિજોરીમાંથી રોકડ રૂપિયા ૮૦,૦૦૦ની ચોરી કરી લઈ ગયા છે. બીજી તરફ વટવા જીઆઈડીસીમાં આવેલ આયોજનનગરની બાજુમાં પંચરત્ન હોમ્સમાં રહેતા વર્ષાબેન મિનેષભાઈ શાહે પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે કે ૨૭ માર્ચના રોજ મકાનના દરવાજાનું તાલુ તોડી તસ્કરો તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ ૧૨,૦૦૦ મળી કુલ ૬૨,૫૦૦ મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

ટચૂકડી જાહેર ખબર


**ભાડે આપવાનું છે**

૩૩ રૂમ ધરાવતું હોસ્ટેલ બિલ્ડીંગ, સ્કૂલ ઓફ એચિવર સામે, કુડાસણ, ગાંધીનગર

સંપર્ક

મો. ૯૪૨૯૯૮૮૫૭૬૪

## શબ્દાવલી - ૫૩૫૨



**આડી ચાવી**

૧. આકાશ, નભ (૩)
૪. વિદાય, આવજો (૪)
૬. મોટું, વિશાળ (૫)
૭. દુશ્મની (૨)
૮. આબાદનું વિરોધી (૪)
૯. ખાવાનું તેલ (૪)
૧૧. અગ્નિ (૨)
૧૨. જાપાનનું રહેવાસી (૩)
૧૪. નજારો (૩)
૧૬. ... ડમડમ વાગે (૩)
૧૮. તલવાર (૪)
૨૧. હોદ્દા, હોબાળો (૪)
૨૨. દર્દી, રોગી (૩)

**ઊભી ચાવી**

૧. ખુબ અવાજ કરે, ગામ... છે (૩)
૨. શોલે પિકચરનો ડાકુ (૫)
૩. પુરૂષ, માણસ (૨)
૪. ઘોડાર, અશ્વશાળા (૪)
૫. ઘઉંની એક જાત (૫)
૧૦. તેજસ્વી, પ્રકાશવાળુ (૩)
૧૧. આવડતું તે, કુશળતા (૪)
૧૩. પાંચશેરી, જેવું (૪)
૧૪. છજુ (૩)
૧૫. દમ, અંગરખુ બીડવાની દોરી (૨)
૧૭. ટળ, આઘો ખસ તુચ્છકારથી બોલાય તે (૨)
૧૯. નાના બાળકને મુકી બતાવી લલચાવે આવ... આભુ (૨)
૨૦. રેતીના કણ (૨)

### શબ્દાવલી ૫૩૫૧ના જવાબ

***આડી ચાવી :-*** (૧) પાગલપન (૫) હેમર (૬) માણ (૭) રમતગમત (૧૦) રણ (૧૧) મઠ (૧૩) ધમ (૧૫) ખોરડુ (૧૭) પ્રહાર (૧૯) કાકા (૨૦) કારીગર (૨૨) હમામ (૨૩) રઝળવું

***ઊભી ચાવી :-*** (૧) પામર (૨) ગર (૩) પલંગ (૪) ભોણ (૬) માતમ (૮) તણખો (૯) મધુપ્રમેહ (૧૨) ઠપકારવું (૧૪) મહા (૧૬) રણકાર (૧૮) રસમ (૧૯) કાગળ (૨૧) રીઝ

## કંપની સમાચાર

### બાળકોને મેન્ટલ કેલ્કયુલેશનમાં જીનિયસ બનાવતું સુપર સેન્સરી ડેવલપમેન્ટ સેન્ટર હવે અમદાવાદમાં

૨૮ વર્ષના સંશોધન પછઈ વિકસાવાયેલી સુર સેન્સરી ડેવલમેન્ટ સિસ્ટમથી અંધ બાળકો પણ રંગ વચ્ચેનો ભેર પારખતા શીખી શકે છે.

સૌથી ઝડપથી મેન્ટલ કેલ્કયુલેશન કરવાના ૧૨ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડર્સ ભારતીય બાળકોને નામે છે. એ જ પ્રમાણે મેથ્સના મેન્ટલ કેલ્કયુલેશનના ઓલમ્પિક ગણાતા મેમોરિયાડમાં પણ ભારતના બાળકો છેલ્લા કેટલાંક વર્ષોથી અનબીટેબલ રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે મેન્ટલ એરિથમેટિકમાં ૧૨-૧૨ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ ઝબ્બે કરનાર ભારતીય બાળકો ગુજરાતના વાપી ખાતે સ્થિત જીનિયસ કિડસના વિદ્યાર્થી છે. મેમોરિયાડ ઓલમ્પિક ૨૦૧૨માં પણ જીનિયસ કિડસના બાળકોએ કુલ ૪૨ મેડલ્સમાંથી ૩૩ મેડલ જીત્યા હતા.

૧૫ વર્ષ સુધીના બાળકો ખુશખુશાલ મૂડમાં હોય ત્યારે તેમને અમુક ફિકવન્સીના સાઉન્ડસ સંભળાવવામાં આવે તો તેમની છટ્ઠી ઈન્દ્રિય એકિટવેટ કરી શકાય તેવું સંશોધન પીટર નોરોન્હા જીનિયસ કિડસના ફાઉન્ડરે છે. આ પ્રક્રિયાને સુપર સેન્સરી ડેવલમેન્ટ તરીકે ઓળખવામાં આવે છે. છેલ્લા ચાર વર્ષથી વાપી ખાતેના તેમના જીનિયસ કિડસના સેન્ટરમાં ૨૦૦ દેટલા વિદ્યાર્થીઓ સુપર સેન્સરી ડેવલપમેન્ટના માધ્યમ થકી મેથ્સના ક્ષેત્રમાં કમાલ દર્શાવી રહ્યા છે.

જીનિયસ કિડસના ૧૨ વર્ષીય વિદ્યાર્થી ગ્રંથ ઠકકરને નામે વિશ્વમાં સૌથી ઝડપી વર્ગમૂળ કાઢવાનો અને ૨૦ ડિજિટના આંકનો કોઈ પણ જાતના પેન પેપર વિના મેન્ટલ એરિથમેટિકથી ગુણાકાર કરવાનો વિક્રમ બોલે છે. હાલમાં જ એક ભાગાકારમાં કેલ્કયુલેટર પણ ગણતરી ન કરી શકે તેટલા ડેસિમલ પછી ૧૩૯ ડિજિટ સુધીની ગણતરી કડકડાટ કરીને ગ્રંથે સૌને આશ્ચર્યમાં મૂકી દીધા હતા.